સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

દીધું દક્ષિણે મહત્ત્વ, ઉત્તરે ખૂણો લાગી ગયો !
દબાણો ને માગણીઓને હવે લૂણો લાગી ગયો!
લાગી ગયો ચૂનો, તાણી લાવ્યા'તા-આણી-પાણી-જાણી
'ચગ્યા'તા, 'પાટી'માંથી 'દાર' નિકળી 'લ' લાગી ગયો
(સત્તાનું વહન બદલાયું ?!)

હાઈકુ

મળ્યું મેદાન !
હવે 'હાર્દિક' છૂટ
રમશે રાસ !

આપી ચીમકી -
અનામત ને મોઢે -
લ્યો! બાંધ્યું માસ્ક...

ચિંતન

ઉપસ્થાસ્તે અનમીવા અયક્ષ્યા, અસ્મભ્ય સન્તુ પૃથ્વી પ્રસૂતાઃ ।
દીર્ઘ ન આયુઃ પ્રતિબુધ્યમાના, વયં તુભ્યં બલિહૃતઃ સ્યામ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

હે માતૃભૂમિ! તમે તારા ખોળામાં જ જ મોટા થઈએ છીએ અને આરોગ્યવર્ધક પદાર્થો પ્રાપ્ત કરીએ છીએ. એટલા માટે સમય આવે ત્યારે તારા માટે બલિદાન આપવામાં પાછી પાની નહીં કરીએ.

માતૃભૂમિના અપાર ઉપકારોની કોઈ મર્યાદા જ નથી, એનું માતૃઋણ ચૂકવવાનો પ્રયાસ કરવો તે આપણું પરમ કર્તવ્ય હોવું જોઈએ. પૃથ્વી પર જાતજાતની ગંદકી ફેલાવીને રાતદિવસ વધુને વધુ પ્રદૂષણ ફેલાવતા રહીએ છીએ. આપણા આ અજ્ઞાન ઉપર અને સ્વાર્થપૂર્ણ આચરણ ઉપર ધિક્કાર છે. ધરતી માતા પ્રત્યે આ ઘોર પાપ છે. આપણે તાત્કાલિક એનો પશ્ચાતાપ કરવો જોઈએ. આ સમયનો પોકાર છે. આ પોકારને ન સાંભળીને આપણે પોતે પોતાના પગ પર કુહાડો મારી રહ્યા છીએ.

સુવિચાર

- આગિયો બોલ્યો : 'હે તારણ ગણ! પંડિતો ભાખે છે કે એક દિવસ એવો આવશે જયારે તમારું તેજ લુપ્ત થશે' તારાઓ નિરુત્તર રહ્યા - **રવિન્દ્રનાથ ટાગોર**
- ચમત્કાર અને સિદ્ધિના મોહમાં પડનાર, સાચા ચૈતન્યનો પરિચય પામી શકાતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયા મેં ઝુઠે લોકોં કો બડે હુનર આતેં હૈ, સચ્ચે લોગ તો ઈલ્ઝામ સે હી મર જાતે હૈં! - **અમૃતબિંદુ**
- સંસાર એટલે સંસરણ, નિરંતર પરિવર્તન થયા જ કરે તે સંસાર - **દાદા ભગવાન**
- ચિત્ત પ્રસન્ન થાય એટલો વખત જગત વિસ્મૃત રહે - **બોધિવૃક્ષ**
- અપરાધ કરવામાં શરમ આવવી જોઈએ, દંડ મેળવવામાં નહીં - **વોલ્તેર**
- આજનું ઔષધ : લીંબુના રસમાં આમલીનો કચુકો ઘસીને તે પેસ્ટ દાદર પર લગાવવાથી લાંબેગાળે દાદર મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વર્ષો પહેલાં હેન્રી થોરો એ પ્રકૃતિના સાનિધ્યમાં રહેવા માટે એક ખેડૂતની જમીન ખરીદી. જમીનના એ સમયના ભાવોની કોઈ ગતાગમ ન હતી. વળી તેને પૈસાની ખૂબ જરૂર હતી. હેન્રી થોરોએ જમીનનો દસ્તાવેજ કર્યો. પેલા ખેડૂતે આનંદભેર ઘેર જઈને પત્નિની આગળ ડોલરનો ઢગલો કર્યો. અને કહ્યું કે ખેતર વેચીને આવેલી રકમથી હવે આપણી પૈસાની તકલીફ જરૂર દૂર થઈ જશે. એની વ્યવહારુ પત્નિએ કહ્યું, 'તમે ખેતર વેચ્યું નથી, જિંદગીભરનો રોટલો વેચ્યો છે. હવે ગુજરાન કેવી રીતે ચલાવીશું ?' આટલા ઓછા ભાવે ખેતર વેચાય ખરું. જાઓ અને આ રકમ પાછી આપી આપણું ખેંતર પાછું લઈ આવો. ગરીબ ખેડૂત હેન્રી થોરો પાસે પહોંચ્યો. તેણે થોરોને દંડના બીજા દસ ડોલર પાછા આપીને પણ જમીન પરત આપવાની વિનંતી કરી. હેન્રી થોરોની આ ખેડૂતે આંખો ખોલી નાખી. હું માનવતા પર નિબંધ લખુ છું. જીવન જીવવાની સમજવાની સલાહ આપુ છું. પણ મારા અંતરમાં તો હજી બીજાને છેતરીને રાજી થવાની આવી વૃત્તિ વસે છે. સમાજને ઉત્તમ વિચારો આપું છું, પણ આચારમાં સામ મીડું હોઉં તો મારા વિચારો અને તત્ત્વજ્ઞાનનો અર્થ શું ? હેન્રીએ ખેડૂતને કહ્યું, 'ભાઈ, દંડને પાત્રતું નથી, હું છું, તારી જમીન તને પાછી આપું છું. તું મને માફ કર.' આમ બોલીને થોરોએ ખેડૂતની હાજરીમાં જ જમીનના દસ્તાવેજના ટુકડા ટુકડા કરી નાખ્યા.

દર્શન માટે પડાપડીનો અર્થ નથી

તંત્રીસ્થાનેથી...

શ્રાવણના પહેલા જ દિવસે દેવાધિદેવ ભોળાનાથના પ્રથમ જયોતિર્લિંગનાં દર્શન કરવા ભાવિકોનાં ટોળાં ઊમટ્યાં, જેથી ઘણી અવ્યવસ્થા સરજાવા પામી. કોરોના સંક્રમણથી બચવા માટે સરકારે નક્કી કરેલી ગાઈડલાઈનનું પાલન કરવાની સૌની ફરજ છે. ડાકોરના રણછોડરાયજીએ તો જાતે જ એમના મંદિરના દરવાજા બંધ કરી દીધા છે. શ્રાવણ માસમાં શ્રદ્ધા અને ભક્તિનું ઘોડાપૂર ઊમટે એ સ્વાભાવિક છે. મૂળે એ સદીઓથી ચાલી આવતી પરંપરા છે. ચાતુર્માસ દરમિયાન લોકો કામધંધાની ગતિ ધીમી કરી ધાર્મિક સ્થળોની યાત્રા કરતા રહ્યા છે; ધર્મધ્યાન અને અનુષ્ઠાન માટે આ ઋતુ અનુકૂળ પણ છે. આ વરસાદની ઋતુ છે અને શ્રાવણ તો ચોમાસાની પરાકાષ્ઠા છે. શું શૈવપંથી કે શું વૈષ્ણવમાર્ગી - તમામ સનાનત ધર્માનુયાયીઓ શ્રાવણ માસને પોતપોતાની રીતે પવિત્ર ગણતા રહ્યા છે. શ્રાવણ માસ પર્વો અને ઉત્સવો તથા લોકમેળાઓનો મહિનો છે. શિવ ઉપાસના માટે નિર્ધારિત થયેલ આ જ મહિનામાં ગોકુલાષ્ટમી પણ આવે છે. શિવ અને કૃષ્ણ - બેઉ શ્રાવનના અધિષ્ઠાતા દેવ બની રહે છે. જૈનો તો ચાતુર્માસને સ્થિરતાપૂર્વક તપ અને અનુષ્ઠાનનો માસ માને જ છે. ઓછામાં પૂરી શ્રાવણી પૂર્ણિમા - રક્ષાબંધન પર્વનો તો જેટલો મહિમા કરીએ એટલો ઓછો. આવા પર્વો અને લોકોમેળાઓના મહિના દરમિયાન શિવમંદિરો અને વિષ્ણુમંદિરો જનમેદનીથી ઊભરાય તે સ્વાભાવિક પણ છે. પરંતુ આ વર્ષનો શ્રાવણ નવા વિક્રમો સર કરી રહ્યો છે. જો આવી વિષમ પરિસ્થિતિમાં ધર્મશ્રદ્ધાના મુદ્દે મંદિરોમાં ટોળાં જામે, 'સોશિયલ ડિસ્ટંસ' - દો ગજ કી દૂરી ન જળવાય તો કોરોના સંક્રમણ કયાં પહોંચે તેની કલ્પના પણ ધ્રુજાવી મૂકે. ભગવાન પાસે તો આપણે જીવનનો આનંદ માગવા જતા હોઈએ છીએ. અત્યારની પરિસ્થિતિમાં તો એમ પણ બને કે આપણે મંદિરના પ્રસાદને બદલે કોરોનાનું પડીકું લઈને પાછા આવીએ. સરકારે મેડિકલ તજજ્ઞોની સલાહ મુજબ મંદિરોમાં મર્યાદિત પ્રવેશ ઉપરાંત પૂજાઅર્ચના અને પ્રસાદનો નિષેધ ફરમાવ્યો છે. શ્રદ્ધાળુ ભક્તોને એમાં પોતાની ધાર્મિક સ્વાતંત્ર્ય પર તરાપ ભલે લાગે,પણ આખરે તો નિષેધ એમના જીવનને જોખમમાં મૂકાતું અટકાવવા માટે છે. સોમનાથના મંદિરમાં શ્રાવણના પહેલા જ દિવસે ભીડ જામી અને પોલીસ સાથે ભાવિકો અથડામણમાં ઊતર્યા તે કમનસીબ બાબત છે. સોમનાથ ટ્રસ્ટને ના છૂટકે પાસ પદ્ધતિ અને ઓનલાઈન રજિસ્ટ્રેશનનો અમલ કરવો પડ્યો છે. મેનેજિંગ ટ્રસ્ટી અને ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ પી. કે. લહેરીએ તો પરિસ્થિતિ અંકુશમાં નહીં રહે તો દર્શન બંધ રાખવાની ચીમકી પણ ઉચ્ચારી છે. લોકોએ સ્વયંશિસ્ત પાળવી પડશે. અમરનાથ યાત્રાની તમામ પૂર્વ તૈયારીઓ પછી એકાએક ઉપરાજયપાલ મુર્મૂએ આ વર્ષ પૂરતી યાત્રા સ્થગિત કરવાની જાહેરાત કરવી પડી છે. આખરે આ બધા નિર્ણયો પ્રજાની સલામતી સંદર્ભે લેવાયેલા છે. આશા રાખીએ કે પ્રજા કોરોના સંક્રમણથી ઊભી થયેલી વિકટ પરિસ્થિતિમાં સરકાર અને મંદિર ટ્રસ્ટો દ્વારા જારી કરાયેલાં નિયંત્રણોનો ચુસ્ત રીતે અમલ કરી બતાવશે. જો એમાં ઢીલ વરતાશે તો દેશ આખો કોરોનાના ભરડામાં ભીંસાઈ રહ્યો છે ત્યારે માનવ કીડિયારાંથી ઊભરાતી વિશ્વની સૌથી મોટી લોકશાહી મડદાંથી ઊભરાઈ જશે. ખુદ ઈશ્વર પણ લોકડાઉનમાં તમામ નિયંત્રણો સ્વીકારી મંદિરોમાં ચૂપચાપ પુરાઈ રહેવામાં જ સલામતી અનુભવતા હોય ત્યારે એના ભક્તો વણનોતર્યા એનાં દર્શન માટે પડાપડી કરી જાતે જ પોતાના જીવનું જોખમ વહોરે એ કેવી મૂર્ખતા છે !

વટ, અક્કડ અને અભિમાન - એક માનસિક બીમારી છે... તેનો ઈલાજ સમય કે કુદરતની ઠોકર જ છે

બાજુના ઘરને આવી જરા અમથી હેડકી,
મારા ઘરેય રાતભર ઉજાગરાં કર્યા
- સ્નેહી પરમાર

●●●

અનલોક થયા પછી પણ કોરોનાનો ભય હજી યથાવત છે. અનલોક થયા પછી બધું જ પૂર્વવત થઈ જશે પણ... એ આશાવાદ ઠગારો નીવડ્યો છે. નાનો ને મધ્યમવર્ગ આર્થિક ઉલઝનમાં રીબાઈ રહ્યો છે. પરિણામે ડિપ્રેશન, વેપારધંધામાં નુકશાન, આર્થિક અને પારિવારિક સમસ્યાની ભીંસમાં આત્મહત્યાને ગૃહકલેશના બનાવો સમાજને પીડી રહ્યા છે. આ વિષય સંજોગો સામે ઝીંક ઝીલવી નાના-મધ્યમવર્ગ માટે ખૂબ જ પડકારજનક ને કપરી સાબિત થઈ રહી છે.

દોસ્તો, માનવજાતે અગાઉ પણ અનેક વિપદાઓ વેઠી છે. ખમીર - જાળવ્યું ને ઊજાળ્યું છે... અગાઉના જમાનાનીસામાજિકતા આજ કરતાં ભિન્ન હતી. દેશ ગામડામાં વસેલો હતો. એક જ કુટુંબમાં બે કરતાં વધુ કાકા કુટુંબનો કબીલો એક છત હેઠળ જીતવો હતો. સૌ સભ્યો સમજી-વિચારીને, મને-કમને ભેગાં રહેતાં, પ્રતિકૂળતાઓને પરાણે અનુકૂળતામાં ફેરવવી પડતી. જમવાનું કે કોઈ બાબતે વહેલું-મોડું થાય તો સહજભાવે સ્વીકારી લેવું પડતું. ઓછુવત્તું ચલાવી લેવું પડતું. વહેંચીને ખાવાની વૃત્તિ હતી. પરિવારમાં વિધવા-વિધુર કે અપરણિતો સારી રીતે જીવી શકતા... સર્વ વાતે સહજભાળે અનુકૂલન સધાતું. સગાં-વહાલાં ગમે ત્યારે આવી શકતા. મહેમાન આવ્યાનો હરખ સૌને થતો. કયારેક મન કરવાય તો પણ એની ગંધ સુધ્ધાં ન આવે આવી તંદુરસ્ત સામાજિકતાથી ભર્યો ભર્યો માનવ સમુદાય હળવાશથી જીવતો હતો.

આજે સઘળું બદલાયું... આપણું રોજિંદુ જીવન પણ બદલાયું. એક સમયે 'સહકુટુંબ' શબ્દ સાંભળતાં વેંત 'આઠ-દસ સભ્યોનો પરિવાર' એવું સ્પષ્ટ થતું. આજે ફેમીલી શબ્દ ઉચ્ચારતાં 'પતિ-પત્નીને સંતાન' એથી વિશેષ કશું જ નહીં... આપણી સામાજિકતાના પર્યાય બદલાયા... પ્રકૃતિની વચ્ચે વસનારા પ્રાકૃતજનો પ્રકૃતિ જેવા જ શુદ્ધ અને સ્પષ્ટ પારદર્શી હતા.

લાગણીનો મેળો
રસિક વાળંદ

આપણા સામાજિક પ્રસંગો મજિયારા મોજનાા સાક્ષી બનતા. પર્વો તહેવારો આવતા પહેલા જન સમુદાયમાં એની અસર વર્તાતી. ઘણાબધા અભાવોની વચ્ચે પણ ક્ષમતા મુજબ તહેવારની શાન જાળવતા.... સૌ વાર-તહેવારે હળતા-મળતા ને ભળતાં... સાવ નિર્દભને ભોળું-ભોળું વહાલ ગ્રામ્યજીવનને મહેંકાવતું...!!!

આજે માણસ ચાલાક ને ગરજાઉ બન્યો છે. 'મને શું?' ને 'મારે શું?' ના ઉધમાતે ચડેલી માનવજાતને આ મહામારીએ જડબાતોડ તમાચો માર્યો છે! માણસ માણસથી છેટો થઈ ગયો હતો. અરે ! જન્મદાતાના વાત્સલ્યને પણ ભૂલી બેઠો હતો... 'કૃતજ્ઞતા'નો પાઠ એને કોઈએ ભણાવ્યો જ નથી. સમૂહજીવન ગુમાવ્યું... સ્વચ્છતા ભૂલી સ્વૈરવિહારી સ્વચ્છંદી બન્યો... હરવખતે એક જ જીવનમંત્ર 'સમય જ નથી' કહી છેટા રહેવાનું શીખી ચૂકેલા માણસને 'સામાજિક અંતર' જાળવવાની ફાવટ આવી ગઈ હતી. આખરે તો આપણે જેવું ઈચ્છીએ છીએ એવું જ ભગવાન આપે છે.... આપણા વર્તન વ્યવહારો પરમાત્માથી કયાં અજાણ છે... કોરોના મહામારી આવીને 'સોશિયલ ડિસ્ટન્સીંગ - સામાજિક અંતરની સૌને સગવડ કરી આપી.' 'બેફામ' સાહેબે સાચે જ લખ્યું છે;

'જીવનમાં સૌ, પ્રથમ આંખો મીંચીને ભાન ભૂલે છે,
પછી પોતાના હાથે ભૂલ પોતાની કબૂલે છે;
સિકંદરનું એ અંતિમ દૃશ્ય દર્શાવે છે દુનિયાને,
મરણ આવે છે ત્યારે માનવીની આંખ ખૂલે છે.'

સ્પર્શમણિ :

વટ, અક્કડ અને અભિમાન - એક માનસિક બીમારી છે... તેનો ઈલાજ સમય કે કુદરતની ઠોકર જ છે.

●●●

લાગણી સમજદાર થઈ ગઈ છે, રંગ, રૂપ અને રોકડા જોઈને જ આગળ વધે છે...

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

સહજીવન હોય કે લોંગ ડીસટન્સ રીલેશન, સંબંધમાંથી મધુરતા અને પૂર્તતાની અપેક્ષા દરેક ને હોય છે

દુનિયા અજબ-ગજબ ના માણસોનો મેળો છે એવું અનેકવાર અનુભવાતું રહે છે. સ્વભાવ, સંબંધો, વિચારસરણી, દ્રષ્ટિકોણ આવું ઘણું બધું જીવનના અનેક મોડ પર આશ્ચર્ય સર્જતુ રહે છે. દરેક ઘર એક વિસ્મયખાનું છે. અને દરેક વ્યક્તિ એક વિસ્મય !

આજે એક એવા યુગલની વાત કરવી છે જે એકબીજા થી હજારો કિલોમીટર દૂર છે. શારીરિક રીતે તેઓ અત્યંત દૂરી પર હોવા છતાં માનસિક રીતે માઈનસમાં કહી શકાય એટલા એકબીજાની નજીક છે.

વાત જાણે એમ છે કે ઈન્ટરનેટના માધ્યમથી આ યુગલ મળ્યું. બંનેના જુદા દેશ, જુદી રીત ભાત, જુદા રીતરિવાજ છતાં એકબીજા સાથે જીવવાની એમની અદમ્ય ઈચ્છાએ એમને એકબીજા સાથે જોડ્યા. લગ્ન પહેલાં બે વર્ષ એકબીજાને જાણ્યા બાદ એકબીજાના દેશ અને ઘરની મુલાકાત લીધા બાદ લગ્નગ્રંથી થી જોડાવાનું નક્કી કર્યું. વિદેશની ધરતી પર ત્યાંના રિવાજ મુજબ ભારતની ધરતી પર ભારતીય પધ્ધતી થી એમનાં લગ્ન લેવાયા. વિદેશી વધુ ઘર-સમાજમાં આકર્ષણનું કેન્દ્ર હતી. યુગલ પણ આનંદમાં જીવતું હતું. સમય આગળ વધતો રહ્યો. ભારતીય ખોરાક અને સામાજીક પ્રણાલિઓ સાથે અનુકૂળ થવું કોઈ પણ વિદેશી વ્યક્તિ માટે અઘરો ટાસ્ક બની રહેતો હોય છે. વિદેશમાં અપેક્ષા વિનાના સંબંધો વચ્ચે અને સ્વતંત્ર જીવન શૈલીમાં ઉછેર પામેલી વ્યક્તિને ભારતીય જીવનશૈલીની હૂંફાળપમાં ગરમાવો લાગી શકે છે. બંને વ્યક્તિઓ, બંને પરિવાર બધું બિલકુલ પરફેક્ટ-યોગ્ય-સરસ હોવા છતાં ઉછેરની ભિન્નતા, આબોહવાની વિષમતા, ધાર્મિક અને અન્ય તહેવારોની ઉજવણીનું જુદાપણું સંબંધોમાં તાણ ઊભું કરે એ પહેલાં એમણે એક સાહસિક નિર્ણય કર્યો. અલગ-અલગ છતાં સાથે રહેવાનો....

એમના મનમાં એકબીજાની ખુશી, સ્વતંત્રતા અને આનંદ મહત્વનો હતો. અને એટલે જ ૫-૬ વર્ષના સહજીવન પછી એમણે એ લગ્નજીવનને નવા અને જુદા સ્વરૂપે જીવવાનું નક્કી કર્યું.

વિદેશી વધુ પોતાને દેશ પરત ફરી-ભારતીય યુવક અહીં ભારતમાં જ સેટલ થયો. એવો પણ એક પ્રયત્ન કરી જોયો જેમાં કોઈ ત્રીજી જ વિદેશની ધરતી પર સેટ થવું. પરંતુ એમ કરવું સરળ ન હોતું એટલે શક્ય ના બન્યું. અત્યારે સહજીવન જેટલા જ બીજા વર્ષો વીતી ચૂક્યા છે. આ યુગલ વર્ષમાં ૨-૩ વખત મળે છે. લાંબુ વેકેશન એકબીજા સાથે ગાળે છે. ફરવા જાય છે. આનંદ કરે છે. આ ઉપરાંત રોજીંદા જીવનમાં લગભગ રોજ એકાદ કલાકનો વિડીયો કોલ નક્કી જ હોય છે. એકબીજાની રજ-રજની માહિતી થી માહિતગાર હોય છે. દિવસની નાનામાં નાની મુવમેન્ટ અને મોમેન્ટના શેરીંગ થી એમને દૂર હોવાનો કોઇ ભાસ વર્તાતો જ નથી.

ક્યારેક એવી પળો આવી જાય છે જયારે જોડીદારની હાજરીની ખોટ વર્તાય છે. પરંતુ દરેક સંબંધોની જેમ તેઓ પણ નાના-મોટા સમાધાન ઝડપથી કરી લે છે. આવા લોગ ડીસ્ટન્સ રીલેશનમાં ફેમીલી પ્લાન કરવું શક્ય નથી એ મર્યાદા પણ એમને ક્યારેક કઠે છે. પરંતુ એ યુવાન ના શબ્દોમાં કહું તો... 'એ ખટકો અમને વાંધાજનક લાગતો નથી. બીજા યુગલો દ્વારા જીવાતા દંભી લગ્નજીવન કરતાં આ કિલોમીટરો દૂરની નજદીકી અમને પરવડે છે. અમને વ્હાલી લાગે છે.ઞ

આ આજની જનરેશન છે. જેને આપણે ઉછાંછળી, નિર્ણય શક્તિના અભાવ વાળી, કમીટમેન્ટ વિનાની સમજીએ છીએ. વાતોમાં ઊંડાણ, પારદર્શકતા, સ્પષ્ટતા, વિશ્વાસ, સમજદારી જેવી કંઈ કેટલીય બાબતો એમના વલણ માંથી સ્પષ્ટ વર્તાઈ આવે છે. આ પેઢી લાગણીના સંબંધોમાં બીજાને છેતરવાથી દૂર રહે છે. પોતાની જાતને પણ છેતરીને જીવવામાં માનતા નથી. દરેક વાસ્તવિકતાને સ્વીકારી વધુમાં વધુ જીવનને આનંદથી જીવવું એજ એમનો ઉદ્દેશ જોવા મળે છે. ' મારો ફોન ન ઉપાડ્યો ઞ ' મારો મેસેજ ના જોયો ઞ જેવી નાની-નાની વસ્તુઓ, સાથે જીવતા યુગલોમાં ઈસ્યુ બને છે, ઝઘડાનું કારણ બને છે. ત્યારે થાય કે આજના યુવાઓમાં આવા હીરલાઓ પણ છે જે જીવન પ્રત્યે નોખો અભિગમ ધરાવે છે.

અબીલ-ગુલાલ
મમતા રાવલ

એક જ રૂમમાં ૫ કલાક સાથે બેઠા પછી પણ કેટલાય પતિ-પત્ની વચ્ચે ૫ મિનીટની વાત પણ થતી નથી. પતિ-પત્ની એકબીજા સાથે બાળક કે વડીલના માધ્યમથી જ વાતચીત કરતા જોવાય છે. સંબંધોમાં મોટે ભાગે શૂન્યાવકાશ અને શુષ્કતાનું સામ્રાજ્ય છવાયેલું હોય છે. આનો મતલબ નથી કે હું કોઈ એક વાતની તરફેણ કરું છું. પરંતુ બંને બાબતોમાં જે સારું છે એ સ્વીકારવાથી જીવન મ્હોરી ઊઠે છે. જેમની પાસે સાથે રહેવાની તક છે એમણે સાચા અર્થમાં 'સાથે' રહેવું જરૂરી છે. શંકા, અવિશ્વાસ અને પોતે હાવી રહેવાના વલણથી બીજાની સ્પેસ છીનવાય છે. જે સંબંધમાંથી માધુર્યને નીચોવી લે છે.

સહજીવન હોય કે લોંગડીસટન્સ રીલેશન, સંબંધમાંથી મધુરતા અને પૂર્તતાની અપેક્ષા દરેક ને હોય છે. પોતે એ માટે સક્રિય પ્રયત્ન કરતા રહેવું એજ જીવન માધુરી છે.

તિરુપતિ બાલાજી વિશ્વનાથનો જય!

નોકરીના છેલ્લા વર્ષમાં અમે સરકારી રાહત પ્રવાસ યોજનાનો લાભ હેઠળ આંદામાન-નિકાબાર ગયાં હતાં. પાછા વળતાં ત્રણ દિવસ ચેન્નાઈ રોકાયાં હતાં. ત્યારે તિરુપતિજીના દર્શન કર્યા હતા. એ સમયે જે ભારી ભીડનો અનુભવ કરેલો તે જોતાં તિરુપતિ ભગવાનના ફરી વાર દર્શન કરવા મળશે એવી આશા રાખી શકાય તેમ ન હતી. પણ પુનઃ શ્રી તિરુપતિજીના દર્શનનો લહાવો મળ્યો અને એય શ્રાવણમાં એને ભગવાનની કૃપા જ ગણવી પડે. એમાંય ઉપવાસ સાથે દર્શન થયાં એને તો વિશેષ લહાવો જ ગણવો પડે. અરે કેવળ ભગવાનના પ્રસાદથી જ આખો દિવસ પસાર થયો એને કેટલો વિશિષ્ટ લહાવો ગણવો એની જ મને ખબર પડતી નથી. ચાલો માંડીને વાત કરું.

શ્રાવણ માસના છેલ્લા દિવસો હતા. શ્રાવણ માસ શિવભક્તો માટે શિવની પૂજાઅર્ચના અને ભક્તિ કરવાનો ખાસ અવસર. કેટલાક લોકો ઉપવાસ કરે અને દાઢી વધારે. હું ખાલી ઉપવાસ કરું. કેટલાક કેવળ દાઢી વધારે. દર વરસની જેમ ત્યારે પણ મેં આખા મહિનાના ઉપવાસ કર્યા હતા. છેલ્લા પાંચ દિવસ બાકી હતા. એક દિવસ ટ્રેનમાં ગયો. બીજા દિવસે મદ્રાસ પહોંચ્યા. ત્રીજા દિવસે તિરુપતિના દર્શને જવાનો કાર્યક્રમ હતો. અમે વહેલી સવારે અંધારામાં જ તિરુપતિ જવા નીકળી પડ્યા હતા. પ્રવાસ આયોજકોએ આજના દિવસ માટે કારની વ્યવસ્થા કરી હતી. યાત્રીઓ ઓછાં હતાં અને બે કારમાં જ ગોઠવાઈ ગયાં હતાં.

ચેન્નાઈની બહાર નીકળતાં જ એક હોટલ આગળ ચા પીવા ઊભા રહ્યા. ચાવાળો કોઈ અલગ પધ્ધતિથી ચા તૈયાર કરતો હતો. અમને એ જોવામાં રસ પડ્યો. આગળ જતાં બીજા એક સ્થળે અમે રોકાયાં. ફરી ચા પીધી. આજે સવારે નાસ્તાનો મેળ પડ્યો ન હતો. બધાંની ઈચ્છા થોડુંક પેટમાં પધરાવવાની હતી. પણ આયોજક કશું બોલતા ન હતા. એતલે ચા પી આજુબાજુના પહાડોના ફોટા પડી સંઘ આગળ વધ્યો.

મનના ઉમંગો
રણછોડ પરમાર

તિરુપતિ બાલાજી વિશ્વનાથનું મંદિર તિરુમાલા પર્વતની એક ટેકરી પર આવેલું છે. તિરુમાલાના કુલ સાત શિખરો છે. તિરુમાલા એક આખા શહેરનું નામ છે. મુખ્ય મંદિર વ્યંક્ટેશ ભગવાનનું છે. આજુબાજુમાં કપિલશ્વર સ્વામીનું મંદિર, એક ઉદ્યાન અને એક ધોધ જોવા જેવાં છે. પણ એ બધું જોવા માટે તો તિરુમાલામાં રાત રોકાવું પડે. જો રાત રહેવા મળે તો મંદિર તરફથી પણ સરસ કાર્યક્રમો બતાવવામાં આવે છે તે પણ જોવા મળે.

પર્વતની શરુઆત થાય તે પહેલાં નીચે મેદાનમાં એક પદ્માલક્ષ્મી માતાનું સુંદર મંદિર છે. અગાઉ અમે તેના દર્શન કર્યાં હતાં. આ વખતના પ્રવાસમાં તેનો સમાવેશ થયો ન હતો.

હવે મંદિરમાં પ્રવેશ કરવા માટેની નવી વ્યવસ્થા કરવામાં આવી છે. ટિકિટ લઈ અંદર જતાં જ સરસ કૉફી પીવા મળે છે. રેલિંગ ખખડાવતા ખાસ્સુ ચાલીએ પછી મોટા હૉલ આવે છે. હૉલમાં દોઢસો-બસો દર્શનાર્થીઓને એકઠા કરવામાં આવે છે પછી વારાફરતી એક એક હૉલના માણસોને અંદર જવા દે છે. અમે એક હૉલમાં આવીને બેઠા. ખરી મઝા મંદિરના હૉલમાં ઊભી થઈ. અમે બધા હૉલમાં મંદિરના દ્વાર ખુલવાની રાહ જોઈને બેઠા હતાં. ત્યાં નયન મંદિરમાં વહેંચાતો પ્રસાદ લઈને આવ્યો. અમારા માટે બે ડીશ લાવ્યો હતો. અમે હું, પાર્વતી, ઉષાબેન, રાજુભાઈ, મધુમામા બધાં મળીને પાંચ જણાં હતાં. બધાએ થોડો થોડો પ્રસાદ ચાખ્યો. મને ઉપવાસવાળી વાત થોડોક પ્રસાદ આરોગ્યા બાદ યાદ આવી. નયનને કહ્યું, ''અરે ભાઈ તેંતો મારો ઉપવાસ ભંગાવ્યો. હવે બીજું કશું ખવાશે નહીં.'' નયન કહે, ''ઊભા રહો, હું બીજી ડીશ લઈ આવું. તમે ધરાઈને જ ખાઈ લો.'' એ તો સાચે જ એક ડીશ લઈ આવ્યો. મેં અગાઉની અડધી અને આવેલી આખી ડીશ પ્રસાદ આરોગી લીધો. પછી પાણી પીવા બહાર ગયો. ત્યાં એકાએક દ્વાર ઉઘડ્યા. થોડું પાણી પીધું ના પીધું કરીને ઝડપભેર પાછો આવ્યો. ભીડને કારણે દોડાય એવું હતું નહીં. ગમે તેમ કરીને સાથીઓ ભેગો થયો. અગાઉ આવેલા ત્યારે બધા ભક્તો ગો.....વિંદા, ગો.....વિંદા. '' એવા પોકારો કરતા હતા. ત્યારે કેટલીયે વાર સુધી એ લોકો શું બોલે છે તે સમજાયું નહતું. આ વખતે તો કશી મૂંઝવણ ન હતી. અમે પણ એમની સાથે ''ગો....વિંદા,

ગો.....વિંદા'' ના પોકારો કરતા લાઈનમાં આગળ વધ્યા. અમારી સાથે આવેલા એક બહેનના(નામ ભૂલી ગયો છું) ચશ્મા કોઈ પાળી પર મૂકેલા અને ભૂલી ગયેલા. દૂરથી જોવાના નંબરવાળા ચશ્મા હતા. અરે, મંદિરની અંદર જઈનેય ભગવાનના દર્શન બરાબર થશે નહીં એની એમને ચિંતા હતી. આવી ભીડમાં પાછા જવાય એમ હતું નહીં. પણ એમના બહેનપણી વીણાબેન પંડ્યા ભારે બહાદૂરીથી પાછા જઈ, ચશ્મા ખોળી લાવી, ફરીથી અમારી સાથે હરોળમાં જોડાઈ ગયા. અમારે તો આવું કંઈ થયું હોય તો રહી ગયેલી વસ્તુ ખોવી જ પડે. લાંબી લાઈનમાં ચાલીને મંદિરમાં પ્રવેશ્યા. અત્રે સ્વીકારવું જોઈએ કે આ વખતે અમે જે પહેલી વેળા ભીડમાં ભીચડાયેલા અને રીતસર કચડાયેલા એવું થયું નહીં. એટલો લાંબો સમય લાઈનમાં ઊભા પણ ના રહેવું પડ્યું. બધાયે ખુબ સરસ તિરુપતિ ભગવાનના દર્શન કર્યાં. ગર્ભાગૃહમાં પ્રવેશવાનું દ્વાર ઊંચું છે. એટલે દ્વારમાંથી જ ભગવાનના દર્શન થઈ જાય છે. દર્શન કરતાં કરતાં છેક નજીક પહોંચી જવાય છે. છેલ્લે મન દર્શનથી અવશ્ય તૃપ્ત થાય છે. આપણા ડાકોરમાં તો કોઈ કોઈક વાર દર્શન કર્યા વગર જ બહાર ધકેલાઈ જવું પડે છે.

મંદિરમાંથી બહાર નીકળતાં જ ગજબની હાશ થાય છે. આ મંદિરની ચારે બાજુના કમ્પાઉંડમાં પણ ભારે ભીડ રહે છે. જો સાથે ના રહો તો ભેળા થતાં મુશ્કેલી થઈ જાય. મંદિરની બંને બાજુએ મોતા થેલા લટકાવેલા છે. તેને હૂંડી કહે છે. હવે મોટા માણસની ઊંચાઈ જેટલી સ્ટીલના બનાવેલ હૂંડી રાખવામાં આવી છે. એમાં લોકો પોતાની શક્તિ મુજબ પ્રભુને દાન કરે છે. અહીં એટલું બધું દાન મળે છે કે તિરુપતિનું મંદિર ભારતનું સૌથી ધનાઢ્ય મંદિર બની ગયું છે. બાજુમાં પ્રસાદની વ્યવસ્થા છે. બહુ સરસ કાજુ, ઈલાયચી, બદામ ગુંદર અને ઘી વગેરે નાખેલા લાડુ અહીં પ્રસાદ માં મળે છે. એક સામાન્ય ટિકિટ પર બે લાડુ મળે છે. વધારે જોઈતા હોય તો અલગ પૈસા આપવા પડે. ગઈ વખતે હું એક આખો લાડું એકલો ખાઈ ગયેલો. આ વખતે પણ એવું જ કર્યું. બીજા લાડવા ઘેર લઈ જવા થોડા દિવસ સાચવી રાખ્યા પણ હજી તો પ્રવાસની શરૂઆત હતી. વધારે દિવસ એ પોતાનું આયુષ્ય જાળવી શકયા નહીં. અને અમારે નામને એ સ્વાદિષ્ટ મિત્રોનો ત્યાગ કરવો પડ્યો.

દર્શન કરીને બહાર નીકળ્યા પછી બધાં મસાલા ઢોસા અથવા જમવાની શોધમાં પડ્યાં. મારું જમવાનું તો પતી ગયેલું. એટલે હું લસ્સીની શોધમાં પડ્યો. સદભાગ્યે લસ્સી મળી પણ ગઈ. પેલા લોકોને જમવાનું મળી ગયું. પાર્વતી કહે,'' તમે આવ્યા નહીં ને ? બહુ સરસ ઢોસો હતો.'' મેં કહ્યું, પણ મારે ક્યાં જમવાનું હતું ? સ